# Shri Govind Guru University, Godhra
## (Established Vide Gujarat Act No. 24/2015)

## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ,ગોધરા
( ગુજરાત એકટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

---

નં એસજીજીયુ/એન.એસ.એસ./૨૦૨૨/૧૨૪૫૮ તા- ૨૧/૦૭/૨૦૨૨

પરિપત્ર: ૨૭૭૪

વિષય : એન.એસ.એસ.માં જોડાયેલ યુવાનોને સાયબર વોલન્ટીયર બનાવવા બાબત.

સંદર્ભ: ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો ઈ-મેઈલ પત્ર ક્રમાંક: જા.ક્ર.:-રસય/રોડ સેફ્ટી/ ૨૦૨૨/૮૨૭૨-૮૩૫૭ તા.૨૦/૦૬/૨૦૨૨

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા એન એસ એસ વિભાગ સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા પ્રોગ્રામ ઓફિસરને જણાવવાનું કે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો ઈ-મેઈલ પત્ર અન્વયે આજના ડીઝીટલ યુગમાં ઈન્ટરનેટનો ઉપયોગ ફાયનાન્સીયલ, સોશિયલ તેમજ ઘણા બધા વ્યાપારિક હેતુઓ માટે કરવામાં આવે છે. ડીઝીટલની દુનિયામાં તમામ લોકો ઈન્ટરનેટથી સંકળાયેલા છે. જે અંતર્ગત સાયબર ક્રાઈમના ગુનાઓમાં પણ નોધપાત્ર વધારો થયેલ છે.તથા આગામી સમયમાં ગુનાઓ વધવાની સંભાવના છે.જે અનુસંધાને વધતા સાયબર ક્રાઈમને અટકાવવા માટે કેન્દ્ર સરકાર, ગૃહ મંત્રાલય અને ગૃહ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા "સાયબર વોલન્ટીયર" યોજના અમલમાં મૂકી છે. જે આપણી યુનિવર્સિટીની તમામ કોલેજોમાં આવા વોલન્ટીયર્સ બનાવવાના છે. તે અંગે યોગ્ય કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

આ સાથે સંદર્ભ દર્શિત પત્રમાં વધુ વિગતો ઉપલબ્ધ છે. જરૂર જણાય તો પ્રોગ્રામ કૉ.ઓર્ડીનેટરનો સંપર્ક કરવો.

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા

બીડાણ:-

- સંદર્ભ દર્શિત પત્ર

નકલ રવાના :-

- એન.એસ.એસ. સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/ પ્રોગ્રામ ઓફીસરો તરફ જાણ સારૂ.

---

Address: Govt. Polytechnic Campus, RTO Road, Gadukpur, Godhra, Panchmahal, Gujarat-389001
Website: www.sggu.ac.in

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી
એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

Government of Gujarat

Azadi Ka Amrit Mahotsav

તા.૨૦/૦૯/૨૦૨૨

જા.ક્ર.:-રસય/રોડ સેફ્ટી/૨૦૨૨/ 8272-8357 **By Email**

પ્રતિ,

(૧) પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રી,
એન.એસ.એસ.સંલગ્ન યુનિવર્સિટી, તમામ

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

**વિષય:** NSS માં જોડાયેલ યુવાનોને સાયબર વોલન્ટીયર બનાવવા બાબત.

**સંદર્ભ :** પોલીસ મહાનિદેશક,સી.આઈ.ડી.ક્રાઇમ અને રેલ્વેઝના પત્ર ક્રમાંકઃસા.ક્રા. સેલ/સા.વો. યોજના/2126/2022, તા.30/06/2022

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, આજના ડીઝીટલ યુગમાં ઈન્ટરનેટનો ઉપયોગ ફાઈનાન્શીયલ,સોશીયલ તેમજ ઘણા બધા વ્યાપારીક હેતુઓ માટે કરવામાં આવે છે. ડીજીટલની દુનિયામાં તમામ લોકો ઇન્ટરનેટથી સંકળાયેલ છે. જે અંતર્ગત સાયબર ક્રાઇમના ગુનાઓમાં પણ નોંધપાત્ર વધારો થયેલ છે તથા આગામી સમયમાં ગુનાઓ વધવાની સંભાવના છે. જે અનુસંધાને વધતા સાયબર ક્રાઇમને અટકાવવા માટે કેન્દ્ર સરકાર, ગૃહ મંત્રાલય અને ગૃહ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા "સાયબર વોલન્ટીયર" યોજના અમલમાં મૂકી છે.

"સાયબર વોલન્ટીયર" યોજના અંતર્ગત ત્રણ પ્રકારના સાયબર વોલન્ટીયર (1) Cyber Volunteers For Unlawful Contents (2) Cyber Awareness Promotor (3) Cyber Expert બની શકાય છે. જેમાં રાજ્યનો કોઈપણ નાગરિક ઓનલાઇન www.cybercrime.gov.in વેબસાઇટ પર "સાયબર વોલન્ટીયર" તરીકે રજીસ્ટ્રેશન કરી સાયબર વોલન્ટીયર બની વધતાં સાયબર ક્રાઇમને નાથવામાં ગુજરાત પોલીસ અને રાજ્યને મદદરૂપ થઈ શકે છે.

સાયબર વોલન્ટીયર્સની મદદથી અવેરનેશના કાર્યક્રમો (શાળા/કોલેજ/સોસાયટી ખાતે) તાલીમ, કિવઝ કોમ્પીટીશન, સોશીયલ મિડીયા લગત કામગીરી તેમજ સાયબર ક્રાઇમ સંબંધીત અન્ય કામગીરીઓ કરવામાં આવે છે. જેમાં કરેલ કામગીરીના પ્રોત્સાહન રૂપે પ્રમાણ પત્ર તેમજ ઈનામ વિતરણ કરવામાં આવે છે.

જે અંતર્ગત અન્ય વિદ્યાર્થીઓ ઉપરાંત NSS માં જોડાયેલ યુવાનો સાયબર વોલન્ટીયર બને તો વધતા સાયબર ક્રાઇમને અટકાવી શકાય તેમજ ભોગ બનનારને મદદ પહોંચાડી શકાય જેથી NSS માં જોડાયેલ યુવાનો સાયબર વોલન્ટીયર બને તે માટે ઉક્ત બાબત ધ્યાને લઇ આપના તાબાની એન.એસ.એસ.સંલગ્ન શાળા/કોલેજોને સૂચના આપવામાં આવે છે.

(મહેશ મહેતા)
રાજ્ય એનએસએસ અધિકારી
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.ગાંધીનગર

**નકલ રવાના :**

- પોલીસ મહાનિદેશક,સી.આઈ.ડી.ક્રાઇમ,ગુ.રા.ગાંધીનગર

ઇ-મેઇલ આઇડી :-nss.uni.hc-che@gujgov.edu.in, nss.deo.sc-che@gujgov.edu.in, nss.svks.jc-che@gujgov.edu.in